# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદ મહાનગરપાલિકાની બાકી મિલકત વેરાને લઇ લાલ આંખ

# નડિયાદમાં મનપાએ વેરો ન ભરતાં 185 કોમર્શિયલ મિલકત સીલ કરી

**મનપા દ્વારા 82.38** લાખની બાકી રકમ વસૂલવા જપ્તીનો આશરો, 60 લાખની ઓન-ધ-સ્પોટ વસૂલાત



(પ્રતિનિધિ) નડિયાદ તા.23

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા બાકી મિલકત વેરાની વસૂલાત માટે અત્યાર સુધીનો સૌથી આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. લાંબા સમયથી વેરો ભરવામાં આનાકાની કરતા મિલકત ધારકો સામે પાલિકાની ટીમોએ લાલ આંખ કરી છે. શહેરના વિવિધ વિસ્તારો, ખાસ કરીને પશ્ચિમ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલી સઘન ઝુંબેશ દરમિયાન કુલ 185 જેટલી કોમર્શિયલ મિલકતોને સીલ મારી દેવામાં આવતા વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ટેક્સ વિભાગની આ કડક કાર્યવાહીના પરિણામે અનેક વેપારીઓએ સીલિંગથી બચવા માટે સ્થળ પર જ બાકી વેરાની ચુકવણી કરવાની ફરજ પડી હતી. પાલિકાના આંકડા મુજબ, જે મિલકતો સામે સીલિંગની કાર્યવાહી કરવામાં આવી હતી તેમનો કુલ બાકી વેરો રૂ. 82.38 લાખ જેટલો થવા જાય છે. જપ્તીની પ્રક્રિયા અમલમાં મૂકતા જ 34 જેટલા મિલકત માલિકોએ તાત્કાલિક પોતાનો બાકી વેરો જમા કરાવી દીધો હતો, જેના પગલે પાલિકાએ આ મિલકતોના સીલ ખોલીને કબજો પરત સોંપ્યો હતો.

નડિયાદ મહાનગરપાલિકાની ટીમો જ્યારે ફિલ્ડમાં ઉતરી ત્યારે વેપારીઓમાં જપ્તીનો ડર જોવા મળ્યો હતો. મિલકત માલિકો દ્વારા સીધા પાલિકાની કચેરીમાં અંદાજે રૂ.18 લાખની રકમ જમા કરાવાઈ હતી, જ્યારે સીલિંગની કામગીરી દરમિયાન ફિલ્ડમાં જ રૂ. 60 લાખથી વધુની માતબર રકમ ચેક અથવા રોકડ દ્વારા વસૂલવામાં આવી હતી.અલબત્ત, વેરો ભરી દેતાં 34 મિલકત સીલ મુક્ત કરવામાં આવી હતી.

#### આગામી દિવસોમાં ઝુંબેશ વધુ તેજ બનશે

નડિયાદ મનપા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ અવિરત ચાલુ રહેશે. જે મિલકત ધારકોનો વેરો હજુ પણ બાકી છે તેમને નોટિસ આપ્યા બાદ હવે સીધું મિલકત સીલ કરવાનું કડક વલણ અપનાવવામાં આવશે. આ આકરી કાર્યવાહીને કારણે ટેક્સ વસૂલાતની કામગીરીમાં મોટી ગતિ જોવા મળી રહી છે.

### નડિયાદના રામ તલાવડી વિસ્તારમાં બે બંધ ગેરેજમાં ભીષણ આગ



નડિયાદ શહેરના રામ તલાવડી વિસ્તારમાં આવેલા બે બંધ ગેરેજમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા આસપાસના રહીશોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. મિશન રોડ પર એલીમ ચર્ચની સામે આવેલા આ ગેરેજમાં આગ લાગવાની ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગમાં ગેરેજની અંદર પાર્ક કરેલી એક બાઈક અને મોટા જથ્થામાં રાખેલા જૂના ટાયરો આગની ઝપેટમાં આવી ગયા હતા. ટાયરો સળગવાના કારણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટના અંગે સ્થાનિકો દ્વારા નડિયાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાયટરોની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર કર્મીઓએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ શરૂઆતમાં ગેરેજમાંથી ધુમાડો નીકળતો જણાયો હતો અને ત્યારબાદ અચાનક આગની જ્વાળાઓ ઉઠી હતી. જોકે આ ઘટનામાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાની ટળી હતી.

# પીજ ગામના યુવક સાથે 1.16 લાખની છેતરપિંડી

**ઓનલાઇન ટાસ્કના** નામે સાયબર ગઠિયાએ નાણા પડાવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.23

વસો તાલુકાના પીજ ગામમાં રહેતા અને નવી નોકરીની શોધમાં રહેલા એક યુવકને ઘરબેઠા કમાણી કરવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ 1,16,609ની રકમ પડાવી લીધી હોવાનો બનાવ સામે આવ્યો છે., આદ્યવિલા સોસાયટીમાં રહેતા અને અગાઉ મુંબઈની કંપનીમાં નોકરી કરતા જયેશભાઈ કાપડિયાએ લિંક્ડઈન પર પોતાનું રિઝ્યુમ અપલોડ કર્યું હતું, જેના આધારે ગઠિયાઓએ 'શોભા રિયાલિટી' કંપનીના નામે તેમનો સંપર્ક કર્યો હતો.

પીજના જયેશ કાપડિયાને શરૂઆતમાં વિશ્વાસ કેળવવા માટે ગઠિયાઓએ નાના ટાસ્ક આપી વળતર ચૂકવ્યું હતું. ત્યારબાદ તેમને ટેલિગ્રામ પર 'રિયલ એસ્ટેટ આસિસ્ટન્ટ' નામના ગ્રુપમાં ઉમેરી વિવિધ વેબસાઈટની લિંક મોકલી અલગ-અલગ બેંક ખાતામાં નાણાં ભરાવ્યા હતા. જાન્યુઆરી માસના પ્રથમ ત્રણ દિવસમાં જ વિવિધ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 1,16,609 પડાવી લીધા બાદ, ગઠિયાઓએ વધુ 1.89 લાખની માંગણી કરતા જયેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ અંગે વસો પોલીસ મથકે અજાણ્યા મોબાઈલ ધારક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ખેડા જિલ્લામાં વધી રહેલા સાયબર ક્રાઈમના પગલે જનજાગૃતિ મહત્વનું બન્યું છે.

### અમિત ચાવડાની હાજરીમાં 50થી વધુ કાર્યકરો સાથે કેસરીયો ત્યાગી પંજો પકડ્યો

# ખેડા ભાજપમાં ગાબડું, ભારતસિંહ પરમારની કોંગ્રેસમાં 'ઘરવાપસી'

**ભાજપમાં લોકશાહી** દબાતી હોવાનો અને સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચારનો ગંભીર આક્ષેપ



(પ્રતિનિધિ) ખેડા તા.23

ખેડા જિલ્લાના રાજકારણમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. જિલ્લાના મજબૂત ઓબીસી અને ક્ષત્રિય સમાજના આગેવાન તથા વર્ષ 2017માં મહુધા વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રહી ચૂકેલા ભારતસિંહ પરમાર સોમવારે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે. અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં ભારતસિંહ અને તેમના 50થી વધુ સમર્થકોએ કોંગ્રેસની વિચારધારામાં વિશ્વાસ વ્યક્ત કરી ખેડા જિલ્લા ભાજપને મોટો ઝટકો આપ્યો છે.

આ પ્રસંગે ભારતસિંહ પરમારે જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં લોકશાહીનો અવાજ દબાઈ રહ્યો છે અને સામાન્ય નાગરિકને ન્યાય મળવો મુશ્કેલ બન્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ભાજપમાં જનતાના પ્રશ્નો ઉઠાવવામાં મર્યાદાઓ નડે છે અને ત્યાં નેતાઓને ગૂંગળામણ અનુભવાય છે. ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં વધતા ભ્રષ્ટાચારના કડવા અનુભવોએ તેમને ફરી પોતાની મૂળ વિચારધારા તરફ વળવા મજબૂર કર્યા છે.

આ પ્રસંગે અમિત ચાવડાએ ભારતસિંહના લાંબા જાહેર જીવન અને તાલુકા પંચાયત તેમજ સહકારી ક્ષેત્રના અનુભવને બિરદાવતા કહ્યું કે, જે લોકો ખેડૂતો અને ગરીબોનો અવાજ ઉઠાવવા માંગે છે તેમના માટે કોંગ્રેસના દરવાજા હંમેશા ખુલ્લા છે. આ કાર્યક્રમમાં ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કાળુસિંહ ડાભી, પ્રભારી નટવરસિંહ મહીડા, પૂર્વ ધારાસભ્યો બીમલભાઈ શાહ, રાજેન્દ્રસિંહ પરમાર, ઈન્દ્રજીતસિંહ પરમાર અને અમૂલ ડેરીના પૂર્વ ડિરેક્ટર સંજયભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહિલાના હાથમાંથી થેલી ઝૂંટવી બે ફરાર

# નડિયાદ :મહિલાના 1.62 લાખના દાગીના લૂંટાયાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.23

નડિયાદના વાણીયાવાડ સર્કલ પાસે એક્ટિવા પર જઈ રહેલા હીનાબેન પટેલ અને તેમના અમેરિકાથી આવેલા ભત્રીજા પાસેથી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના ભરેલી થેલી ઝૂંટવીને નાસી છૂટ્યા હતા.

નડિયાદની જલતરંગ સોસાયટીમાં રહેતા હીનાબેન પટેલ શનિવારે તેમના ભત્રીજા હેમલ પટેલ સાથે, જે હાલમાં જ લગ્ન પ્રસંગે અમેરિકાથી નડિયાદ આવ્યા છે, જૂના દાગીના સાફ કરાવવા અને નવી ખરીદી કરવા શહેરના જ્વેલર્સની દુકાને ગયા હતા. તેઓ દાગીનાની થેલી લઈને એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા.

જ્યારે તેઓ વાણીયાવાડ સર્કલ પાસે હીલપાર્ક સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી કાળા રંગની મોટર સાયકલ પર હેલ્મેટ અને બુકાની ધારી બે શખ્સો આવ્યા હતા. આ શખ્સોએ ચાલુ એક્ટિવાએ હીનાબેનના હાથમાંથી દાગીના ભરેલી થેલી એકાએક ઝૂંટવી લીધી હતી અને પૂરપાટ ઝડપે નાસી છૂટ્યા હતા. ચોરી થયેલી થેલીમાં દોઢ તોલાની સોનાની ચેઈન, સોનાની ત્રણ વીંટીઓ, ચાંદીની ચાર લકીઓ, ચાંદીના વાસણો અને મૂર્તિઓ સહિત કુલ રૂ. 1,62,300ની કિંમતનો મુદ્દામાલ હતો. અચાનક બનેલી આ ઘટનાથી ગભરાઈ ગયેલા મહિલા અને તેમના ભત્રીજાએ બૂમાબૂમ કરી લૂંટારુનો પીછો કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ હાથ લાગ્યા નહોતા. નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### માતરના ફુડ પોઇઝનીંગમાં બી.જે. મેડિકલના રિપોર્ટમાં ભયાનક સત્ય બહાર આવ્યું

# સિંજીવાડામાં 200 લોકોના મોઢામાં કોળિયો નહીં 'દૂષિત પાણી' ગયું હતું

**ફૂડ પોઈઝનિંગ** નહીં પણ 'વોટર પોઈઝનિંગ' જવાબદાર

**પીવાના પાણીમાં** 'ઈ-કોલાઈ' બેક્ટેરિયા મળતા તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી

(પ્રતિનિધિ) માતર તા.23

ખેડા જિલ્લાના માતર તાલુકાના સિંજીવાડા ગામમાં થોડા દિવસ પહેલા એક લગ્ન પ્રસંગમાં જમ્યા બાદ 200 જેટલા લોકો એકાએક બીમાર પડવાની ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચકચાર મચાવી હતી. શરૂઆતમાં આ ઘટના પાછળ ગાજરનો હલવો કે આઈસ્ક્રીમ કારણભૂત હોવાનું મનાતું હતું, પરંતુ હવે આરોગ્ય વિભાગની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. બી.જે. મેડિકલ કોલેજના લેબોરેટરી રિપોર્ટમાં પુષ્ટિ થઈ છે કે, લોકો ખોરાકથી નહીં પણ પીવાના પાણીમાં ભળેલા ગટરના ગંદા પાણીને કારણે બીમાર પડ્યા હતા. રિપોર્ટમાં પાણીના સેમ્પલમાં 'ઈ-કોલાઈ' નામના અત્યંત જોખમી બેક્ટેરિયા મળી આવ્યા છે.

આ સમગ્ર મામલે ગામના સરપંચ મનોજસિંહ રાઠોડે વહીવટી તંત્રની પોલ ખોલતા જણાવ્યું હતું કે, પંચાયતનું પાણી શુદ્ધ છે, પરંતુ પાણી પુરવઠા વિભાગ દ્વારા પરા વિસ્તારમાં જે પાણી આપવામાં આવે છે તે ગંદકીનું મૂળ છે. બામણગામ તરફથી આવતી 3થી 4 કિલોમીટર લાંબી આ પાઈપલાઈન ગામની મુખ્ય ગટરમાંથી 5 થી 6 વાર પસાર થાય છે. આ પાઈપલાઈનમાં અનેક જગ્યાએ લીકેજ હોવાને કારણે ગટરનું પાણી સીધું પીવાના પાણીમાં ભળી રહ્યું છે.

આ અંગે સરપંચના દાવા મુજબ, આ ખામીયુક્ત અને જોખમી પાઈપલાઈન અંગે તેમણે અગાઉ મામલતદાર, કલેક્ટર અને મંત્રીથી લઈને છેક મુખ્યમંત્રી સુધી લેખિતમાં વારંવાર રજૂઆતો કરી હતી. આમ છતાં, તંત્ર દ્વારા કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નહોતી. તંત્રની આ આળસને કારણે આખરે 200 ગ્રામજનોના જીવ જોખમમાં મુકાયા છે, જેને લઈને હાલ ગામમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બી.જે. મેડિકલ કોલેજ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ગામના નટુભાઈ સોલંકીના ઘરેથી લેવાયેલા પાણીના સેમ્પલ ફેલ થયા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વી. એ. ધ્રુવેના જણાવ્યા મુજબ, રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે પીવાના પાણીની લાઈન અને ગટરની લાઈન મિક્સ થઈ ગઈ છે. હાલ ટેન્કરથી પાણી અપાઈ રહ્યું છે.

## વીરપુરમાં સ્લેબ તૂટી પડતા મહિલાનું મોત

(પ્રતિનિધિ) વીરપુર તા.23

વીરપુર તાલુકાના બોર ગ્રામ પંચાયત હેઠળ આવતા નાથુસિંહના મુવાડા ગામમાં સ્લેબ ધરાશાયી થતા મહિલાનું મોત નિપજ્યું હતું.

વીરપુરના બોર ગ્રામ પંચાયતના નાથુસિંહના મુવાડામાં રહેતા કોકિલાબેન જેસીંગભાઇ પરમાર નામના મહિલાનું મોત નિપજ્યું હતું. તેઓ ગામમાં રહેતા મુકેશભાઈ રોમાભાઈના ઘર પાસે શૌચાલય અને બાથરૂમનું સંયુક્ત સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું હતું, જેની ઉપર પાણીની ટાંકી રાખવામાં આવી હતી. આ ટાંકીમાં પાણી ભરવા માટે જ્યારે કોકિલાબેન ઉપર ચડ્યા ત્યારે અચાનક સ્લેબ સાથે આખું બાંધકામ ધરાશાયી થઈ ગયું હતું. આ ગંભીર દુર્ઘટનામાં કોકિલાબહેનનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા અકસ્માતે મોત નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

### વસોના રામોલના શખ્સે સગીરાને ખેતરમાં ગોંધી રાખી હતી

# નડિયાદમાં સગીરા પર દૂષ્કર્મ કેસમાં યુવકને 20 વર્ષની કેદ

**કોર્ટે રૂ. 35 હજારનો** દંડ અને ભોગ બનનારને એક લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો

#### આરોપીને નીચે મુજબની સજા ફટકારી છે

- પોક્સો એક્ટની કલમ 6 હેઠળ: 20 વર્ષની સખત કેદ અને રૂ. 25 હજારનો દંડ.
- ઇપીકો કલમ 363 અને 366 હેઠળ: પાંચ-પાંચ વર્ષની સખત કેદ અને કુલ રૂ. 10 હજારનો દંડ.
- દંડ ન ભરે તો વધુ કેદની સજાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

(પ્રતિનિધિ) નડિયાદ તા.23

નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે સગીર વયની બાળકી પર બળાત્કાર ગુજારવાના ગંભીર ગુનામાં આરોપી દશરથ ભીખાભાઈ સોલંકીને 20 વર્ષની સખત કેદની સજા અને કુલ 35 હજારનો દંડ ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે.

વસો તાલુકાના રામોલ વિસ્તારમાં રહેતા આરોપી દશરથ સોલંકીએ 19મી એપ્રિલ, 2024ના રોજ ગંગાપુર ગામની 14 વર્ષ અને 4 માસની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. આરોપી સગીરાને નડિયાદ બારકોશિયા રોડ પર આવેલા એક ખેતરના છાપરામાં લઈ ગયો હતો અને ત્યાં તેની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે વસો પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

નડિયાદના સ્પેશિયલ પોક્સો જજની કોર્ટમાં ચાલેલા આ કેસમાં સરકારી વકીલ યોગીબેન કે. બારોટે ધારદાર રજૂઆતો કરી હતી. અદાલતે 12 સાક્ષી અને 17 દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો અને 20 વર્ષની કેદ અને દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત, કોર્ટે ભોગ બનનાર સગીરાને સરકારના ઠરાવ મુજબ રૂ. એક લાખ વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

# બોરસદમાં NRI પરિવારે શાળા માટે 51 લાખની સખાવત કરી

**માતૃભક્તિ, સંસ્કાર** અને સમાજપ્રેમના અનોખા સંયોગ સમાન દાન બદલ સંસ્થા દ્વારા દાતાઓનુ સન્માન

(પ્રતિનિધિ) બોરસદ તા.23

બોરસદના પામોલ કેળવણી મંડળ, પામોલ સંચાલિત ધ સનસાઇન ઇંગ્લીશ મિડિયમ સ્કૂલના નવા ભવનના ઉદ્ઘાટન અને નામકરણનો કાર્યક્રમ પામોલ ગામના વતની અને હાલ અમેરિકામાં વસવાટ કરતા દાતા રમણભાઈ પુરસોત્તમભાઈ પટેલ તથા તેમના પુત્ર નેહલ રમણભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ પ્રસંગે પામોલ ગામના વતની સ્વર્ગસ્થ કાન્તાબેન આર. પટેલના સ્મરણાર્થે દાતા પરિવારે રૂપિયા એકાવન લાખનું માતબર દાન અર્પણ કરી શિક્ષણક્ષેત્ર માટે ઉમદા યોગદાન આપ્યું છે. માતૃભક્તિ, સંસ્કાર અને સમાજપ્રેમનું અનોખા સંયોગ સમાન આ દાન માત્ર આર્થિક સહાય નથી, પરંતુ ગામ અને સંસ્થા પ્રત્યેની લાગણનુ જીવંત પ્રતિક બન્યું છે.

દાતા રમણભાઈ પટેલના હસ્તે શાળાનું નવું નામકરણ 'કાંતાબહેન આર. પટેલ સનસાઈન ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ' તરીકે કરવામાં આવ્યું હતું અને રીબન કાપી નવા ભવનનું વિધિવત્ ઉદ્ઘાટન થયું હતું. આ પ્રસંગે પામોલ કેળવણી મંડળના પ્રમુખ સુરેશભાઈ પટેલે દાતાને સન્માનપત્ર અર્પણ કરતાં જણાવ્યું હતું કે, "સાચું દાન એ છે જે પોતાની સંપત્તિમાંથી સમાજહિત માટે હક જતો કરીને કરવામાં આવે. દાતા રમણભાઈ અને નેહલભાઈનું આ યોગદાન પામોલના શૈક્ષણિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે." તેમણે વિશ્વાસ અપાવ્યો કે આ પવિત્ર રકમ સંસ્થાના વિકાસ અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રેષ્ઠ રીતે ઉપયોગમાં લેવામાં આવશે. મંત્રી કમલેશભાઈ સી. પટેલે દાતાઓનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દાતાશ્રી પ્રત્યે ગ્રામજનોમાં અખૂટ આદર અને કૃતજ્ઞતાની લાગણી જોવા મળી હતી. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના તમામ પદાધિકારીઓ, આમંત્રિત મહેમાનો અને ગામજનોએ ઉપસ્થિતિ નોંધાવી દાતાશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225